આઈઆઈટી-જીએનના 4થા પદવીદાન સમારોહનું આયોજન શનિવારે તેમનાં નવા કેમ્પસ પાલેજ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં બી.ટેકનાં 105, એમ.ટેકનાં 31, પીએચડીનાં 6, એમએસસીનાં 25, પીજીડીઆઈઆઈટીનાં 06 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

‘15-20 વર્ષમાં ભારત આર્થિક મહાસત્તા બની શકે છે’

IIT-GN CONVOCATION

સિટી રિપોર્ટર • ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગરના 4થા પદવીદાન સમારોહનું આયોજન શનિવારે તેમનાં નવા કેમ્પસ પાલેજ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે [illegible] લિ. એન્ડ [illegible] ગ્રુપના ચેરમેન એન્ડ મેનેજિંગ ડાયરેક્ટર [illegible] નીમેશ કમ્પાણીએ ચીફ ગેસ્ટ તરીકે હાજરી આપી હતી. આ પદવીદાન સમારોહમાં એમએસસીનાં 25, પીજીડીઆઈઆઈટીનાં 6, એમ.ટેકનાં 31, પી.એચડીનાં 6 અને બી.ટેકનાં 105 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. આમ કુલ મળીને 173 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઈ. સ્વાભાવિક છે કે ડિગ્રી મેળવીને સ્ટુડન્ટ્સ ખુશખુશાલ જણાતા હતા.

સ્ટડી સાથે એક્સ્ટ્રા એક્ટિવિટીઝ જરૂરી

મેં મારો અભ્યાસ કરવાની સાથે આઈઆઈટી-જીએનનાં ઇન્ક્યુબેશન સેન્ટરમાં '[illegible]' નામનું નવું સ્ટાર્ટ-અપ મારા મિત્રો સાથે મળીને શરૂ કર્યું જેને લીધે મને [illegible] ગોલ્ડ મેડલ, ઇન્સ્ટિટ્યૂટ ગોલ્ડ મેડલ અને બેસ્ટ પર્ફોર્મન્સ ઇન [illegible] એવોર્ડ એનાયત થયો છે. આઈઆઈટીમાં વિદ્યાર્થીઓને ટેકનોલોજી શીખવાની ઘણી તકો મળે છે અને આ તકોનો ભરપૂર વિદ્યાર્થીઓએ ઉપયોગ કરવો જોઈએ. - **ચિંતન શાહ,** બી.ટેક વિદ્યાર્થી, [illegible]

મેથ્સમાં પીએચડી કરવું છે

હું જ્યારે દિલ્હી યુનિવર્સિટીમાં મેથ્સનાં વિષયને સ્પેસિફિક વિષય રાખીને બી.એસસી કરતી હતી ત્યારે લાગ્યું હતું કે મેથ્સમાં આગળ વધવાનો અંત જ નથી. મેથ્સમાં એમએસસી બાદ હવે વિદેશમાં પીએચડી કરવાનું આયોજન છે, જે માટે હું જીઆરઈની તૈયારી કરી રહી છું. હું એમ માનું છું કે મેથ્સ જેવા વિષયમાં કેટલી આકરી તૈયારી કરી તે કરતાં કેટલી ઓરિજિનલ તૈયારી કરો તે વધારે અગત્યનું છે. - **વિશાખા,** એમએસસી વિદ્યાર્થિની, [illegible]

આઈડિયાઝ અને પ્લાન્સ ઝડપી અમલમાં મૂકવા જોઇએ

આઈઆઈટી-ગાંધીનગરના પદવીદાન સમારોહમાં ચીફ ગેસ્ટ નીમેશ કમ્પાણીએ જણાવ્યું કે 'હું ભૂતપૂર્વ સ્વ. ડો. એપીજે અબ્દુલ કલામનાં સપનાને યાદ કરવા માગું છું કે વર્ષ 2020માં ભારત સંપૂર્ણ વિકસિત દેશ હોય. જ્યારે તેમણે આ સપનું જોયું હતું, ત્યારે ઘણી એવી વિચારો માત્ર સપના જેવાં જ હતાં. એમ લાગતું કે તેને પામવા અશક્ય છે. જોકે હજુ આજે પણ આપણે સંપૂર્ણપણે વિકસિત અર્થતંત્ર નથી પરંતુ આપણે સૌથી મજબૂત અર્થતંત્ર બનવાના પથ પર છીએ. મારા મતે ભારત આગામી 15-20 વર્ષમાં આર્થિક મહાસત્તા બની શકે છે. હાલ આપણો જીડીપી રેટ 2 ટ્રિલિયન ડોલર જેટલો છે, જે આગામી 7-8 વર્ષમાં 6-7 ટ્રિલિયન ડોલર થઈ જશે. જેને લીધે ભારત દુનિયાનું ત્રીજા ક્રમનું મોટું અર્થતંત્ર હશે.

[illegible] કહ્યું:

- કામ પ્રત્યે ગર્વની ભાવના સાથે કરો અને તેમાં ગર્વ [illegible] કરો.
- આઈડિયાઝ અને પ્લાન્સની કોઈ જ કિંમત હોતી નથી, જો તેને સફળતાપૂર્વક [illegible] ન આવે. જેથી ખૂબ [illegible] કરો અને સફળતાપૂર્વક તેને અમલમાં મૂકો.
- હંમેશાં સમયની કિંમત કરો. કારણ કે તેમાં અર્થવ્યવસ્થાનું મજબૂત પરિબળ સમાયેલું છે.
- તમારે કોઈપણ ક્ષેત્રે ટોપ કરવું હોય તો [illegible] પ્રામાણિકતા એ સફળતાની ચાવી છે. ક્યારેય ટૂંકા ગાળાના ફાયદાઓમાં ન ફસાઓ.
- જીવનમાં જ્યારે નવા વિચારો અને નવા રસ્તાઓ અપનાવો ત્યારે આપણાં પરંપરાગત મૂલ્યો અને સંસ્કૃતિને ક્યારેય ન ભૂલો.